ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૩ ● અંક : ૦૨ ● તંત્રી : હરીશ રાણા ● સહતંત્રી : ભાઈલાલ મંગે ● તારીખ : ૧૬-૦૪-૨૦૧૬, શનિવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૦.૫૦ ● પાના : ૪

## આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટનો ૩૦મો વાર્ષિકોત્સવ તથા આર્યવન આર્ષ કન્યા ગુરુકુળનો ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન

**રોઝડ**

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના ૩૦માં વાર્ષિકોત્સવની ઉજવણી તથા આર્યવન આર્ષ કન્યા ગુરુકુળના ઉદ્‌ઘાટનનો મહોત્સવ ભારે ઉત્સાહપૂર્વક પૂ. સ્વામી સત્યપતિજીના આશીર્વાદ સાથે ગત તા. ૮ તથા ૯ એપ્રિલના રોજ યોજાઈ ગયો.

ગત તા. ૭મી એપ્રિલના રોજ સાંજે ૪ કલાકે રોઝડ ચાર રસ્તા ખાતેના ચોકને મહર્ષિ દયાનંદ ચોક નામાભિમાન કરી તેનું ઉદ્‌ઘાટન સ્વામી વિવેકાનંદજીના કરકમલોથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આર્યવન આર્ષ કન્યા ગુરુકુળના નવનિર્મિત ભવન ખાતે કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ભવનનું બાંધકામ માત્ર છ મહિનામાં જ શ્રી પરેશભાઈ પ્રેમજીયાણી તથા શ્રી વિનોદભાઈ વેલાણીએ ખૂબ જહેમતથી તૈયાર કર્યું છે.

પોતાના આશીર્વાદ પ્રદાન કરતાં સ્વામી સત્યપતિજીએ કહ્યું હતું કે, વેદોને ભણવો અને ભણાવવું એ દરેક આર્યનો પરમ ધર્મ છે. તેમણે આર્ષ કન્યા ગુરુકુળની સ્થાપના બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે, હવે જ્યારે કન્યા ગુરુકુળની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે તમામ લોકોએ સહયોગ કરવો જોઈએ. ચાલવાની પ્રેરણા આપી હતી.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણીએ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ૧૯૮૧માં સ્થપાયેલી આ સંસ્થા આજે વટવૃક્ષ સમાન બની ગઈ છે. અનેક વિધ સમાજોપયોગી પ્રકલ્પો દ્વારા સમાજને કંઈક આપવાનો જે ઉદ્દેશ હતો તે પરિપૂર્ણ થઈ રહ્યો છે.

આચાર્ય નિરજાજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, મેકાલીની શિક્ષા પદ્ધતિથી આજે આપણે બહાર નીકળીને ગુરુકુલીય શિક્ષણ પદ્ધતિ અપનાવવી જોઈએ. તેમણે ૧૫ વર્ષની કઠોર તપસ્યા બદલ




ગુરુકુળને તન-મન-ધનથી સહયોગ કરનાર સહયોગી દાતાઓ, તથા ટ્રસ્ટીમંડળનું શાલ તથા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ ઉપસ્થિત લોકોને આર્ષ કન્યા ગુરુકુળમા અભ્યાસ માટે વધુને વધુ કન્યાઓને મોકલવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે ઓછામાં ઓછા એક વર્ષ માટે પણ કન્યાઓને ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલવામાં આવે જેથી તેમનામાં વૈદિક સંસ્કારનું બીજ રોપી શકાય.

આર્યવન આર્ષ કન્યા ગુરુકુળના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનોએ પણ શાંતાનંદજી, સુરેશચંદ્ર અગ્રવાલ વગેરે મુખ્ય હતા.

બે દિવસીય આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના ૩૦માં વાર્ષિકોત્સવની ઉજવણી તથા આર્યવન આર્ષ કન્યા ગુરુકુળના ભવનનું ઉદ્‌ઘાટન કરાયું હતું. બીજા દિવસે આર્ષ કન્યા ગુરુકુળને આર્થિક સહયોગ આપનાર તમામ દાતાઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ વતી પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આર્યવન આર્ષ કન્યા ગુરુકુળના ચિકિત્સક તરીકેનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આર્ષ કન્યા ગુરુકુળ, અલિયાબાદ ખાતે આચાર્ય નિરજાજીની નિશ્રામાં ૧૫ વર્ષના સઘન અભ્યાસ કરીને વેદ, દર્શન, ઉપનિષદ સહિતના આર્ષ ગ્રંથોનો અભ્યાસ પૂર્ણ કર્યો છે.

આ પ્રસંગે સમગ્ર સંકુલને માત્ર છ મહિનામાં પૂર્ણ કરવા બદલ સંયોજકો સર્વશ્રી વિનોદભાઈ વેલાણી તથા શ્રી પરેશભાઈ પ્રેમજીયાણીનું સપત્નિક વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના આર્યસમાજના પ્રતિનિધિઓ ભારતભરમાંથી ૧૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત






તા. ૮મીના રોજ યોજવામાં આવેલ વાર્ષિકોત્સવની ઉજવણી અંતમાં સ્વામી સત્યપતિજીએ બંને સમય ઈશ્વરની ભક્તિ કરવા અને હંમેશા સત્યના માર્ગે આચાર્યા શિતલજીને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે આચાર્ય ક્ષાનેશ્વરજી, સ્વામી વિવેકાનંદજી, સ્વામી બ્રહ્મવિદાનંદજી, આચાર્ય સત્યજીતજી, સ્વામી શાંતાનંદજી, શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, આર્યવન આર્ષ કન્યા પોતાના આશીર્વાદ આપ્યા હતા. તેમાં સ્વામી વિવેકાનંદજી, સ્વામી બ્રહ્મવિદાનંદજી, સ્વામી આચાર્ય પદની જવાબદારી ડૉ. શિતલબેન પોકારે સંભાળી લીધી છે. ડૉ. શિતલબેન પોકારે ડેન્ટલ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી ચંદ્રેશજી આર્યએ કર્યું હતું.

### ભાજપા અધ્યક્ષ તથા મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી હસ્તે

## રાષ્ટ્રના મહાન ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણ વર્માજીની પ્રતિમાનું વલસાડ ખાતે અનાવરણ કરાયું

**વલસાડ**

વલસાડ નગરપાલિકા દ્વારા વલસાડના અવાબાઈ હોલ સામે રાષ્ટ્રના મહાન ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માજીની પ્રતિમાનું અનાવરણ ભાજપાના અધ્યક્ષ તથા મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

નગરપાલિકા દ્વારા યોજાયેલા આ ભવ્ય સમારંભમાં જોડાયેલા આગેવાનો તથા વલસાડ, વાપી અને આસપાસના વિસ્તારમાંથી ઉમટેલાં માનવમહેરાણને સંબોધતા વલસાડ નગરપાલિકાની અધ્યક્ષા સોનલબેન સોલંકીએ પોતાના સ્વાગત પ્રવચનમાં ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના સ્વતંત્રતા અંગેના કાર્યોમાંથી રાષ્ટ્રના વિકાસ માટે અને શ્યામજીના ઉચ્ચ શિક્ષણ ભરેલાં જીવનમાંથી પ્રેરણા લેવાની હાકલ કરી હતી અને વલસાડ નગરપાલિકા ક્રાંતિકારીઓની યાદ જનતાને મળતી રહે એવા ઉમદા કાર્યો માટે અગ્રેસર બની છે તેની ખુશી વ્યક્ત કરી હતી.



આ પ્રસંગે જીનચંદ્ર મહારાજ સાહેબ બંધુ ત્રિપુટી તેમજ વલસાડ ભાજપના અધ્યક્ષ શ્રી કનુભાઈ દેસાઈ સાંસદ શ્રી કે.સી. પટેલ, ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ તેમજ શ્રી રમણભાઈ પટાકરે તેમના પ્રાસંગિક પ્રવચનમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માજીના કાર્યો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માના વારસ અને સ્મારક મસિતિના અધ્યક્ષ શ્રી મંગલભાઈ ભાનુશાળીએ એમની શ્યામજી કૃષ્ણ વર્મા ઉપર લિખિત પુસ્તિકા તેમજ ડોક્યુમેન્ટરી કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વિજયભાઈરપાણી તેમજ સૌ મહાનુભાવોને ભેંટ આપી તેમનું શાલ પહેરાવીને આભાર વ્યક્ત કર્યો હતો. એમની સાથે સમિતિના શ્રી રમેશભાઈ ગજરા, શ્રી રમેશભાઈ નાખુઆ, સેવા સમાજના શ્રી રણછોડભાઈ નંદા, ભાનુયુથ સર્કલના પ્રમુખ શ્રી પુનિન મંગે, તેમજ ભરત ભદ્રા




મુંબઈથી ખાસ આ પ્રસંગે વલસાડ આવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીએ શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા લંડનમાં સ્થાપિત ઈન્ડિયા હાઉસ અને તેમના દ્વારા વીર સાવરકર, મદનલાલ ધિંગરા વગેરે ક્રાંતિકારીઓની આઝાદી અંગેની ચળવળને યાદ કરી તેમના અસ્થિ સ્મારક સમિતિના અધ્યક્ષ મંગળભાઈ ભાનુશાલી તેમજ હાલના વડાપ્રધાન અને તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જીનીવાથી લઈ આવી વિરાંજલી યાત્ર સમગ્ર ગુજરાતમાંથી નીકળી હતી અને માંડવી ખાતે તેમના અસ્થિ કળશને મુકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ગુજરાત સરકાર દ્વારા ક્રાંતિતીર્થના નિર્માણ અંગેનો ખ્યાલ લોકોને આપ્યો હતો.

આ પ્રસંગે ભાનુશાલી સમાજના મુંબઈ સ્થિત આગેવાનો તેમજ વલસાડ-વાપી જીલ્લાના આગેવાનો તેમજ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં શ્રી હંસરાજ કટારીયા, પ્રતાપભાઈ દામા, કરસનભાઈ દામા તેમજ મહિલા મંડળના શ્રીમતી ચાગબાઈ, શ્રીમાતી હંસાબેન દામા, દિપાબેન કટારિયા વગેરેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## આર્યસમાજ, ધ્રાંગધ્રાના વર્ષ ૨૦૧૬-૧૭ના હોદ્દેદારોની વરણી કરાઈ

આર્યસમાજ, ધ્રાંગધ્રાની તા. ૨૭મી માર્ચના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભામાં સને ૨૦૧૬-૧૭ના વિવિધ હોદ્દેદારોની ચૂંટણી કરાઈ હતી. આ ચૂંટાયેલા હોદ્દેદારો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નિતીનભાઈ સી. ચૌહાણ | પ્રમુખ |
| (૨) | શ્રી દેવજીભાઈ ઝેડ. ચાવડા | મંત્રી |
| (૩) | શ્રી કિશોરભાઈ એસ. પટેલ | કોષાધ્યક્ષ |
| (૪) | શ્રી બલદેવભાઈ એમ. વાલોદરા | ઉપપ્રમુખ |
| (૫) | શ્રી જેરામભાઈ એમ. કણઝરીયા | સહમંત્રી |
| (૬) | શ્રી આનંદભાઈ માહેશ્વરી | પુસ્તકાધ્યક્ષ |
| (૭) | શ્રી હિરેશભાઈ એસ. લખતરીયા | આર્યવીરદલ સંચાલક |
| (૮) | શ્રી નવલસિંહ વી. બારડ | આર્યવીર દલ સહ સંચાલક |
| (૯) | જીવણભાઈ આર. ઘાંઘર | આર્યવીરદલ સહ સંચાલક |

વાણીની રક્ષામાં જ સમાજની રક્ષા છે.



દયાનંદ ટાઈમ્સ (પાક્ષિક)

અવેક્ષેત ગતીર્નૃણાં કર્મદોષસમુદ્ભવા: ।
નિરયે ચૈવ પતનં યાતનાશ્ચ યમક્ષયે ॥

मनुस्मृति ६१(३९)

કર્મોના દોષથી મનુષ્યોની થનારી કષ્ટયુક્ત બૂરી ગતિઓ અને કષ્ટને ભોગવવું તથા પ્રાણક્ષયમાં મૃત્યુ સમયે થનારી પીડાઓને વિચારવી અને તે ઉપર વિચાર કરીને મુક્તિ માટે પ્રયત્ન કરે.

તંત્રી સ્થાનેથી....

## IITમાં અન્ડરગ્રેજ્યુએટ કોર્સ ફીને વધારીને બે લાખ કરાઈ

આઈઆઈટીમાં અન્ડર ગ્રેજ્યુએટ કોર્સ માટેની વાર્ષિક ફીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આગામી શૈક્ષણિક સત્રથી આઈઆઈટીમાં અન્ડર ગ્રજેયુએટ કોર્સ માટેની વાર્ષિક ફી પ્રવર્તમાન ૯૦ હજારથી વધીને બે લાખ કરી દેવામાં આવી છે. એસસી અને એસટી માટે કુલ ફી માફી જુદી રીતે રહેશે. એસસી અને એસટી, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે સંપૂર્ણ ફી માફી રહેશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફીમાં બે ગણો વધારો કરવાનો નિર્ણય આજે લેવામાં આવ્યો હતો. આઈઆઈટી પેનલ દ્વારા દરખાસ્ત મોકલવામાં આવી હતી જેના ભાગરુપે આ નિર્ણય કરાયો છે. મંત્રાલય દ્વારા અન્ડર ગ્રેજ્યુએટ કોર્સ માટે ફીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે પરંતુ જે પરિવારની આવક એક લાખથી ઓછી છે તેમને ૧૦૦ ટકા ફી માફી રહેશે. સાથે સાથે અનુસૂચિત, અનુસૂચિત જનજાતિ અને વિકલાંગ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા ફી માફી રહેશે. ગયા મહિનામાં સ્ટેન્ડિંગ કમિટિ ઓફ આઈઆઈટી કાઉન્સિલ દ્વારા વાર્ષિક ફીમાં ત્રણ ગણા વધારાને મંજુરી આપવામાં આવી હતી. હવે આ નિર્ણયથી એસસી અને એસટી, વિકલાંગો તથા આર્થિકરીતે નબળા વર્ગના લોકોને ફાયદો થશે. મંત્રાલય દ્વારા છેલ્લા કેટલાક દિવસથી ગણતરી કરવામાં આવી રહી હતી. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ હાલમાં જ વિદ્યાર્થીઓને રાહત આપવાની વાત કરી હતી.

# બ્રાહ્મણની વાણીમાં તો સદાય કલ્યાણ જ ભરેલું હોય છે આ વાણીની રક્ષામાં જ સમાજની રક્ષા છે

અથર્વવેદના પાંચમા કાંડનું અઢારમું સૂક્ત 'બ્રહ્મગવી સૂક્ત' નામે પ્રસિદ્ધ છે. અહીં 'બ્રાહ્મણ' શબ્દ લૌકિક ન લેતાં અર્થાત્ એક અભણ, પરોપજીવી, ભોજન બનાવનારો આદિ ધંધો કરનાર નથી, પરંતુ વેદમાં બ્રાહ્મણનું ચિત્ર કંઈ ઓર જ છે. વેદમાં બ્રાહ્મણ મુખ્યસ્થાનીય માનવામાં આવેલ છે. મુખની જેમ તે બિલકુલ નિ:સ્વાર્થ વ્યક્તિ છે. કેવળ પોતે જ ભોગનાર નથી, બીજાને જ્ઞાન-દાન દ્વારા અને યજ્ઞ દ્વારા નિરંતર ઉપકાર કરનાર વ્યક્તિ છે.

આ સૂક્તમાં બ્રાહ્મણનું વર્ણન પ્રજાના સંબંધમાં આવેલ છે. આથી આ સૂક્તનો બ્રાહ્મણ 'પ્રજાનો નિ:સ્વાર્થ સેવક' ના રુપમાં પ્રસ્તુત છે.

**नैतां ते देवा अददुस्तुभ्यं नृपते अत्तवे ।**
**मा ब्राह्मणस्य राजन्य गां जिघत्सो अनाद्याम् ॥**

(नृपते !) હે રાજા (ते देवा:) તે પ્રસિદ્ધ દેવતાઓએ (एतां) બ્રાહ્મણની આ વાણી-ગૌ (तुभ्यं) તને (अत्तवे) ખાઈ જવા માટે (न अददु:) આપી નથી. (राजन्य) હે ક્ષત્ર-શક્તિયુક્ત રાજા ! તૂ (ब्राह्मणस्य) બ્રાહ્મણની (अनाद्यां) કદી પણ ન ખાવાયોગ્ય કે કદી પણ ખાઈ ન શકાય તેવી (गां) આ વાણીને (मा जिघत्स:) ખત્મ કરી નાંખવાની ઈચ્છા ન કર.

આ મંત્રમાં કહેવામાં આવ્યું છે- બ્રાહ્મણની વાણી રાજાને તે દેવતાઓએ આપી છે, પરંતુ તે ખાવા માટે તેઓએ આપી નથી. આ પ્રસિદ્ધ દેવતા કોણ છે, જેનું નામ પણ લેવામાં આવશ્યકતા સમજવામાં આવી નથી ?

વેદના દેવતા- અગ્નિ, ઈન્દ્ર, વરુણ, સોમ આદિ પ્રસિદ્ધ જ છે. દેવાધિદેવ પરમાત્મા છે. આ જગત પર તે પરમદેવનું અટલ અને પૂર્ણ શાસન છે. તે એકદેવ પોતાની જે ભિન્ન ભિન્ન શક્તિઓ દ્વારા જગતનું શાસન કરી રહ્યાં છે, તે જ શક્તિઓ આ વેદના અનેક દેવતાઓ છે. અગ્નિ, ઈન્દ્ર, વરુણ આદિ પરમાત્માની ભિન્ન ભિન્ન શક્તિઓ છે. મનુષ્ય રાજા પણ પોતાના નાના રાષ્ટ્ર પર પોતાની અલ્પશક્તિ અનુસાર અપૂર્ણ શાસન કરે છે. મનુષ્ય રાજાની શાસન-વિધિના અંગભૂત ઘણા બધા વ્યક્તિઓ હોય છે. રાજાને પોતાના રાષ્ટ્રના ભિન્ન ભિન્ન વિભાગો સાથે તે જ સંબંધ હોય છે

**બ્રાહ્મણ-વાણીને રોકવું, બાંધવું, નાશ કરવું મોટું જઘન્ય પાપ છે, કારણ કે તે પાલન કરવા યોગ્ય છે. આ એક મોટી ગૌ-હત્યા છે, કારણ કે તે વેદોની વસ્તુનો ઘોર દુરુપયોગ છે.**

..વેદવાણી

- આચાર્ય અભયદેવ વેદાલંકાર

જે પરમાત્માનો અગ્નિ, વાયુ આદિ દેવતાઓ સાથે હોય છે. આ જ અર્થમાં મનુએ રાજાને સર્વદેવમય કહ્યાં છે. મનુસ્મૃતિના સાતમા અધ્યાયના ૩ થી ૧૧ સુધીના શ્લોક આ સંબંધમાં પઠનીય છે. તેમાંથી બે શ્લોક નીચે મુજબ છે :

**ईन्द्रानिभयमार्काणामग्नेश्च वस्णस्य च ।**
**चन्द्रवित्तेशयोश्चैव मात्रा निहृत्य शाश्वती : ॥**
**साऽग्निर्भवति वायुश्च सोऽर्क: सोम: स धर्मराष्ट्र**
**स बुवेर: स वस्ण: स महेन्द: प्रभावत: ॥**

તેમાં કહેવામાં આવ્યું છે - ઈન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, સોમ, કુબેર આ આઠ દેવતાઓના અંશ લઈ રાજા બને છે. રાજાના આઠેય વિભાગોમાં શક્તિ આ આઠ દેવતાઓમાંથી આવી છે. શુક્રનીતિકારના પ્રથમ અધ્યાયના ૭૧ થી ૮૧ સુધીના શ્લોકોમાં આની વ્યાખ્યા છે. આ એ જ પ્રસિદ્ધ દેવતાઓ છે જેઓએ મનુષ્ય રાજાને બધી વસ્તુઓ-બધી શક્તિઓ આપી છે. અહીં જેમ અગ્નિ,ઈન્દ્રાદિ દ્વારા રાજાને ઘણી બધી વસ્તુઓ રાજય કરવા માટે મળી હોય છે, તેમ બ્રાહ્મણની વાણી (અર્થાત્ બ્રાહ્મણ દ્વારા પ્રજાને ઉપદેશ આપવામાં આવે, શિક્ષા આપવામાં આવે, પ્રજાને સન્માર્ગ દેખાડવામાં આવે) પણ એક ભારી મૂલ્યવાન વસ્તુ મળે છે. બ્રાહ્મણની વાણી શું, બ્રાહ્મણ જ મળે છે. બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ જ તેની વાણીમાં છે, વાણી દ્વારા જ તે રાષ્ટ્રની સેવા કરે છે. આ બ્રાહ્મણ-વાણી એક ખૂબ મહત્વની વસ્તુ દેવતાઓએ અથવા તો એમ કહી શકાય કે પરમાત્માએ રાજાને પ્રદાન કરી છે, પરંતુ તે ખાઈ જવા માટે નથી હોતી.

હા, પહેલા તો અહીં રાજાને વેદે સ્મરણ કરાવ્યું છે કે આ બ્રાહ્મણ-વાણી જેવી પવિત્ર વસ્તુ દેવતાઓ (પરમાત્મા) દ્વારા આપવામાં આવેલી છે. પછી એ પણ સ્મરણ કરાવ્યું છે કે કયા કાર્ય માટે આપવામાં આવી છે. તેને ખાઈ જવા માટે કદાપિ આપવામાં આવી નથી, આ તો સ્વાધીનતાપૂર્વક રાષ્ટ્રમાં જ્ઞાન ફેલાવે, સન્માર્ગ દેખાડી રાષ્ટ્રનું કલ્યાણ કરે, એટલા માટે આપવામાં આવી છે. આનું પાલન-પોષણ કરવું જોઈએ, આને વધારવી જોઈએ.

રાજાને ઘણી બધી ચીજો ખાઈ જવા માટે આપવામાં આવી છે. રાજામાં યમદેવતાનો અંશ ખાસ કરીને આ કારણે જ હોય છે. રાજાનું કામ અહી સારાઈને, રાષ્ટ્રહિતની વસ્તુઓ ઉત્પન્ન કરવા, વૃદ્ધિ કરવા અને ફેલાવવા માટે છે. આ ઉપરાંત રાષ્ટ્ર માટે અનર્થકારી વસ્તુઓનો નાશ કરવો, સમાપ્ત કરવાનો પણ છે. બધી બુરાઈઓને, અપરાધોને, અશાંતિને, અવ્યવસ્થાને, બળવાન દ્વારા નિર્બળોની સતામણી, બધા અન્યાયને નષ્ટ કરવા જોઈએ. આ બધી ચીજોને તેણે યમ બનીને ખાઈ જવી જોઈએ. પરંતુ બ્રાહ્મણની વાણી એવી ચીજ નથી જેનો નાશ કરવામાં આવે, આ તો દેવોથી પ્રાપ્ત વસ્તુ પાલન-પોષણ માટે છે. જો આ વાણી-ગૌને પાળી-પોસવામાં આવે તો તેના બદલામાં આનાથી હજાર ગણું પ્રતિફળ આપી રાષ્ટ્રને નિહાલ કરી દે છે.

આ વાણી ગૌ 'અનાદ્યા' છે- કદી પણ નાશ કરવા યોગ્ય નથી. આ અનાદ્યા શબ્દ જ આ મંત્રનો મુખ્ય શબ્દ છે. આનો અર્થ 'अत्तुमशक्या અર્થાત્ જેનો નાશ ન કરી શકાય તેવી' એમ કરવું પણ બરાબર છે. આ અર્થનું સ્પષ્ટીકરણ તો આગલા મંત્રોમાં સ્વયમેવ થઈ જશે. અહીં તો 'આ ખાવાયોગ્ય, નષ્ટ કરવાયોગ્ય નથી' એમ સમજવું જોઈએ. જેમ ''अघन्या' ગૌ (ન મારવા યોગ્ય) કહેવાય છે, તેમ અહીં આને 'अनाद्या' નામથી પોકારવામાં આવ્યું છે. બ્રાહ્મણ-વાણીને રોકવું, બાંધવું, નાશ કરવું મોટું જઘન્ય પાપ છે, કારણ કે તે પાલન કરવા યોગ્ય છે. આ એક મોટી ગૌ-હત્યા છે, કારણ કે તે વેદોની વસ્તુનો ઘોર દુરુપયોગ છે. આમ તો વાણી-માત્ર જ 'अनाद्या' ('अवन्धनीया) હોય છે. દરેક વ્યક્તિને વાણી-સ્વાતંત્ર્ય હોવું જોઈએ. પરંતુ બ્રાહ્મણની વાણી જ બ્રાહ્મણનું મુખ્ય સાધન છે, જેમ પહેલા સ્પષ્ટ કરવામાં આવ્યું છે. અન્યોની વાણી તો અજ્ઞાનના કારણે કે સ્વાર્થવશ નુકશાન પણ કરતી હોય છે, પરંતુ જ્ઞાની, નિ:સ્વાર્થ બ્રાહ્મણની વાણીમાં તો સદાય કલ્યાણ જ ભરેલું હોય છે. આ વાણીની રક્ષામાં જ સમાજની રક્ષા છે. આથી આ વાણીની રક્ષા કરવી એ તો ગાય પશુની રક્ષા કરવાથી પણ ઘણી અધિક આવશ્યક છે. બ્રાહ્મણ-વાણીના ઈશારાથી લાખો ગાયોની રક્ષા થઈ શકે છે. આથી આ સૂક્તમાં બ્રાહ્મણ-વાણીને વારંવાર 'अनाद्या' વિશેષણથી પોકારવામાં આવે છે.

# અનેક રોગોમાં પરમ ઉપયોગી વૃક્ષ-બાવળ

બાવળના ઝાડને સર્વ કોઈ ઓળખે છે. સવારમાં દાંત સાફ કરવા માટે બાવળના દાતણનો ઉપયોગ જાણીતો છે. શહેરના લોકો અનેક પ્રકારની ટૂથ પેસ્ટ દાંત સાફ કરવા માટે વાપરે છે, તેમ છતાં દાંતના રોગોથી પીડાય છે. આ ટૂથ પેસ્ટો બાવળના દાતણના તોલે આવે તેમ નથી અને બાવળને પહોંચી શકે તેમ નથી. જે ગુણો બાવળના દાતણમાં રહેલા છે, તે ટૂથ પેસ્ટમાં નથી. બાવળના દાતણમાં ટેનીન સારા પ્રમાણમાં છે તેથી દાંતમાંથી નીકળતા લોહીને અટકાવે છે અને હાલના દાંતને મજબૂત પણ કરે છે આવું ગુણકારી વૃક્ષ તદ્ન ઓછા વરસાદવાળા સૂકા પ્રદેશમાં થાય છે.

ગુજરાતમાં હવે વરસાદનું પ્રમાણ પ્રતિવર્ષ ઘટતું જાય છે. તેવા સંજોગોમાં બાવળનાં વૃક્ષો તેમજ લીમડામાં વૃક્ષો લાવી તેમનો સારો લાભ ઉઠાવવો જોઈએ. બાવળનું વૃક્ષ ખૂબ સહેલાઈથી અને ઓછા પાણીથી ઉછરી શકે છે. હાલના સંજોગોમાં ઈમારતી લાકડું મોંઘુ થતું જાય છે. સાગ અને સીસમ તથા દેવદાર વગેરે મોંઘા થતાં જાય છે ત્યારે લીમડો અને બાવળ જેવા સસ્તાં અને ટકાઉ લાકડાં ઈમારતી લાકડા તરીકે કામ આવી શકે તેમ છે.

આ વૃક્ષને ગુજરાતીમાં - બાવળ; હિંદીમાં - બબૂલ, કીકર તથા લેટીનમાં - Acacia arabica કહે છે.

આ વૃક્ષમાં ઘણા ગુણો રહેલાં છે તેથી અનેક રોગોમાં તેનો સફળતાથી ઉપયોગ થાય છે.

બાવળની છાલ, ફળ, પાન અને ગુંદર અનેક રોગો દૂર કરવામાં વપરાય છે.

બાવળમાં કષાય (તૂરો), ઉષ્ણ, કફદન, રક્તાતિસારદન, ગ્રાહી, કુષ્ઠદન વગેરે ગુણો રહેલા છે. તેના ગુંદરમાં સ્નેહન, ગ્રાહી અને પૌષ્ટિકતાનો ગુણ રહેલો છે.

તેનાં પાન, ફળ અને છાલમાં ટેનીન સારા પ્રમાણમાં રહેલું છે. તેની શીંગમાં (પૈડા) ૨૨ ટકા જેટલું ટેનીન રહેલું છે.

સાત વર્ષથી વધુ ઉમરના બાવળની છાલ ચિકિત્સાના કામમાં લેવી જોઈએ.

તેના ગુંદરમાં એરેબીક એસિડ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને પોટેશિયમ છે.

બાવળનો સફેદ ગુંદર કમરના બંધારણ માટે લોકો ખાય છે. ગુંદર પાકમાં તેમજ અન્ય પાકોમાં બાવળનાં ગુંદરનો ઉપયોગ થાય છે. બાવળનો ગુંદર ધાતુ પુષ્ટ કરવામાં વપરાય છે.

શારંગધર સંહિતામાં તેના પાનનો રસ સર્વ પ્રકારના અતિસારમાં વાપરવાનું જણાવેલ છે.

બાવળના પાનના રસથી ઝાડા મટે છે. તેના પાન અને છાલનો ઉકાળો બનાવી તેના કોગળા કરવાથી મોંમા પડેલાં ચાંદા રૂઝાય છે. તેનાં પાન રક્ત સ્તંભક હોઈ રક્તપ્રદરમાં વપરાય છે.

ચક્રદત્તમાં બાવળના કોમળ પાનનું ચૂર્ણ પીવાનું જણાવેલ છે.

ભાવ પ્રકાશમાં બાવળના પૈડા (શીંગ) નું ચૂર્ણ મધ સાથે ત્રણ દિવસ ચાટવાથી ભાંગેલુ હાડકું સંધાય છે અને વજ્ર જેવુ થઈ જાય છે.

અસ્થિ સંધાન માટે બાવળ અને ગુગળમાંથી બનતી 'આભાગુગળ' નામનું ઔષધ ખૂબ જાણીતું છે. આયુર્વેદની ફાર્મસીઓએ આ સસ્તા અને શીઘ્ર પરિણામ આપતા ઔષધનું ઉત્પાદન કરી તેનો પ્રચાર કરવો જોઈએ. અસ્થિ સંધાન માટે આવું સસ્તુ અને ફળદાયી ઔષધ મળવું મુશ્કેલ છે.

આંખોમાંથી પાણી ઝરતું હોય તો બાવળના પાનનો ઉકાળો કરી તેનું ઘન બનાવી તેમાં થોડું મધ મેળવી તેને આંખમાં આજવું જેથી આંખમાંથી ઝરતું પાણી અટકે છે.

વાળાના રોગમાં બાવળનું બીજ વાટીને વાળા પર લગાડવું જેથી વાળો મટે છે.

જળોદરમાં બાવળની છાલને પાણીમાં ઉકાળી તેનું ઘન બનાવવું. આ ઘન છાશ સાથે પીવું અને ખોરાકમાં ફક્ત છાશ લેવી. આ પ્રમાણે કરવાથી જળોદર મટે છે.

ઉપદંશમાં કોમળ પાનનું ચૂર્ણ લગાડવું.

ગોરા બાળક માટે સગર્ભા સ્ત્રી બાવળના પાનનું ચૂર્ણ હંમેશા પીવે તો તેને ગોરુ સંતાન જન્મે છે.

રક્તપ્રદરમાં બાવળના પાનનું ચૂર્ણ આપવાથી રક્તપ્રદર જલ્દી અને સરળતાથી મટે છે.

રક્તપ્રદરમાં છાલનો ક્વાથ આપવાથી સારો ફાયદો થાય છે.

ગુદાભ્રંસ અને ગર્ભાશયભ્રંશમાં તેના છાલના ઉકાળાથી ધોવાથી તથા તેમાં કપડાનો ટુકડો ભીંજવી ઉપર રાખવાથી સારો લાભ થાય છે.

ઘા, ગૂમડાં વગેરે ધોવા માટે છાલનો ઉકાળો ઉપયોગી છે. અગ્નિદગ્ધ વ્રણોમાં બાવળના પાણીથી ઘા સાફ કરવાથી વ્રણ જલ્દી રૂઝાય છે.

જીર્ણ મરડો અને જીર્ણ અતિસારમાં છાલનો ક્વાથ આપવાથી ખૂબ ફાયદો થાય છે.

# આત્મિક વિકાસ કરતાં કરતાં સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરો

પ્રત્યેક આસ્તિક વ્યક્તિ ઈશ્વરને એવી પ્રાર્થના કરતો જોવા મળે છે કે મૃત્યુ બાદ તેને પશુ, પક્ષી, કીટ, જીવ-જંતુ આદિ નિકૃષ્ટ યોનિઓ પ્રાપ્ત ન થાય દરેક બુદ્ધિમાન મનુષ્ય ઓછામાં ઓછું પુન: મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય તેવી ઈચ્છા ધરાવતો હોય છે. પરંતુ કર્મ-ફળની વ્યવસ્થાને બરાબર ન સમજી શકવાનાં કારણે મનુષ્ય સતત દુષ્કર્મ કરી દુ:ખરુપી ફળનું (નિકૃષ્ટ યોનિઓનું) આરક્ષણ કરાવી લેતો હોય છે. "ગોપથ બ્રાહ્મણ" નામના પ્રાચીન વૈદિક ગ્રંથમાં એક અલંકારિક વાર્તાનાં માધ્યમથી મનુષ્યનાં સામાન્ય કર્મો અને તેનાં ફળને સમજાવવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

એક મનુષ્યનું મૃત્યુ થઈ ગયું. એ પરમાત્માની સામે હાજર થયો. પરમાત્માએ જોયું કે આ માણસ તો ખૂબ જ સુંદર અને ધર્માત્મા છે. જીવનમાં તેણે દાન-પુણ્ય પણ સારુ એવું કર્યુ છે. માટે તેને શ્રેષ્ઠ મનુષ્ય યોનિમાં બીજો જન્મ આપવો જોઈએ. પરમાત્મા આવો વિચાર કરતા હતા. એટલામાં એક દેવતા હાથ જોડીને ઉભા થયા. પરમાત્માએ પૂછ્યું કે તમે શું ઈચ્છો છો ? દેવતાને ઉત્તરમાં કહ્યું કે હું વાયુ દેવતા છું આ મનુષ્ય ખૂબ જ શોખીન હતો. તે અત્તર, ફુલ વગેરે માટે મારો (અર્થાત વાયુનો) ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે તે વાયુ છોડતો હતો. સ્વયં પણ નાક બંધ કરી દેતો હતો. આજુબાજુના માણસોને પણ દુ:ખી કરતો હતો. આમ આ મનુષ્ય મારો કરજદાર છે. માટે હું ઈચ્છું છું કે તેણે મને (વાયુને) જેટલો ગંદો કર્યો છે, તેટલો શુદ્ધ કરી દે. પરમાત્માએ પેલા મનુષ્યને આદેશ આપ્યો કે સારુ તો જાવ, પહેલાં આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દો. મનુષ્ય પૂછે છે કે કેવી રીતે ચૂકવું? પરમાત્મા કહે છે કે તું વીંછી, સાપ, અજગર અને કાનખજૂરા જેવા વાયુ શુદ્ધ કરનારી યોનિમાં જન્મ લઈ આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દે. પછી જ મનુષ્ય જન્મ મળશે.

પેલો મનુષ્ય આવી યોનિયોમાંથી પાછો ફર્યો ત્યાં બીજા એક દેવતા ઉભા થયા. પરમાત્માએ પૂછ્યું કે તમે શું ચાહો છો? દેવતાએ કહ્યું કે હું જળ દેવતા છું. આ મનુષ્ય મને સુગંધિત કરીને પીતો હતો. અનેક પ્રકારના પીણાં બનાવીને મારો ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે શરીરમાંથી ઉત્સર્ગ કરતો હતો ત્યારે પેશાબ, પરસેવા વગેરે રૂપે દુર્ગંધ ફેલાવતો હતો. જળને મલિન કરતો હતો, પૂછી લો એને સ્વયંને. માટે આ મનુષ્ય મારો ઋણી છે, મારું કર્જ ચૂકવી આપે. પરમાત્માએ મનુષ્યને પૂછ્યું કે આ ખરી વાત છે તેણે કહ્યું કે હા, મહારાજ. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં આ જળ દેવતાનું ઋણ ચૂકવો. તેં જેટલું પાણી ગંદુ કર્યુ છે એટલું માછલી, કાચબા વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર. પછી જ મનુષ્ય શરીર મળશે. મનુષ્ય જ્યારે આવી જળચર પ્રાણીઓની યોનિઓ ભોગવી પાછો ફર્યો તો એક ત્રીજા દેવતા ઉભા થયા. કહ્યું કે હું અન્ન દેવતા છું. આ મનુષ્ય છપ્પન ભોગ બનાવી મારો ઉપયોગ કરતો હતો, પરંતુ જ્યારે શરીરમાંથી મળનો ત્યાગ કરતો હતો ત્યારે તેની ઠીક ઠીક સફાઈની વ્યવસ્થા કરતો નહોતો. માટે તેને કહો કે મારું દેવું ચૂકવી દે. જેટલી ગંદકી કરી છે તેટલી જ શુદ્ધિ કરી દે. પરમાત્માએ પૂછ્યું કે શું આ મંજૂર છે તને ? મનુષ્યે કહ્યું કે હા મહારાજ તેમની વાત સાચી છે. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં અન્ન દેવતાનું ઋણ ચુકવો. તેં જેટલું અન્ન અને ભૂમિ ગંદી કરી છે તેટલું ભુંડ, કુતરો, કાગડો વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર

આમ, ગોપથ બ્રાહ્મણ ગ્રંથમાં આવી અલંકારિક વાર્તા દ્વારા મહત્વ સમજાવાયું છે. તેથી દરેક મનુષ્યે વેદ મંત્રોથી અગ્નિમાં હવન સામગ્રી, ઘી, સમિધા આદિ દ્રવ્યો નાંખી વાયુ, જલ અને અન્નની શુદ્ધિ કરવી જોઈએ. મનુષ્ય પશુ, પક્ષી, કીટ-પતંગ આદિ ભોગયોનિમાં જતો બચી જાય છે અને આત્મિક વિકાસ કરતા કરતા સર્વોત્તમ સુખ પ્રાપ્ત કરી લે છે.

-મહેન્દ્ર ગાંધી

# જ્યાં સિદ્ધાંતો સંકળાયેલા હોય ત્યાં સસ્તી લોકપ્રિયતા અથવા સંપત્તિ અને સત્તા ખાતર સમાધાન થવું જોઈએ નહીં : મોરારજી દેસાઈ

મોરારજી દેસાઈનો જન્મ લીપ ઈયર પ્રમાણે ઈ.સ. ૧૮૯૬ના ફેબ્રુઆરીની ૨૯મી તારીખે ગુજરાતના સુરત જીલ્લાના વલસાડ નજીક ભદેલી ગામમાં થયો હતો. તેઓનું કુટુંબ એક મધ્યમવર્ગીય અનાવિલ બ્રાહ્મણ હતું. પિતા રણછોડજી ભાવનગરની એક શાળામાં શિક્ષક હતાં. તેમના માતા લખવા-વાંચવાનું અને સામાન્ય ગણતરીનું કામ જાણતા હતાં. નાનપણમાં પિતાજીનું અવસાન થતાં માતા અને સાત બાળકોવાળા કુટુંબને સહારો આપવાની જવાબદારી તેઓના માથે આવી પડી. તેઓએ ભાવનગર રાજ્યની શિષ્યવૃત્તિના આધારે પોતાનો વિદ્યાર્થીકાળ પૂર્ણ કર્યો.

ઈ.સ. ૧૯૧૨માં મેટ્રિકલ (શાળાન્ત) પરીક્ષા પસાર કર્યા બાદ તેઓ મુંબઈની વિલ્સન કોલેજમાં ઓનર્સમાં પ્રથમ વર્ગ સાથે ગ્રેજ્યુએટ થયા. યુનિવર્સિટી ટ્રેઈનીંગ કોર્ષમાં તેઓ વાઈસ રોયના એક સનદી અધિકારી હતા. ઈ.સ. ૧૯૧૮માં મુંબઈ પ્રાંતની મુલ્કી સેવામાં ભરતી થયા બાદ ૧૨ વર્ષ સુધી વિવિધ હોદ્દા ઉપર સેવાઓ આપી હતી. મોરારજી દેસાઈમાં વહીવટશક્તિ, કુશળતા, રાજનૈતિક, બુદ્ધિ, ન્યાય નિષ્ઠા અને આગ્રહશીલતા તથા ખૂબ જ પ્રમાણિકતા હતા. ગાંધીજીના ૧૧ વ્રતો તેઓએ પોતાના જીવનમાં પાળી બતાવ્યા હતા. તેઓ પોતાના જીવનભર સિદ્ધાંતો, આદર્શોને વળગી રહ્યા હતાં. તેઓ પોતાના ચારિત્ર્ય, પરિશ્રમ અને પુરુષાર્થના પ્રતાપે જીવન તેમજ રાજકારણના ઉચ્ચત્તમ શિખરે પહોંચ્યા હતા. સરકારી કર્મચારીઓને નોકરી છોડી દેવાના ગાંધીજીના આહ્વાનના પ્રતિસાદરૂપે મોરારજીભાઈએ નાયબ કલેક્ટરના તેમના હોદ્દા પરથી ૧૯૩૦માં રાજીનામું



આપી દીધું હતું અને નાગરિક અવજ્ઞા આંદોલનમાં જોડાઈ ગયા. ચાર વર્ષ દરમિયાન સ્વતંત્ર સંગ્રામમાં ભાગ લેવા બદલ તેમને ત્રણ વાર જેલ મોકલી દેવાયા. મુંબઈ રાજ્યના મહેસૂલ પ્રધાન, ગૃહપ્રધાન અને મુખ્યપ્રધાન તરીકે અનુપમ કામગીરી બજાવીને કેન્દ્રિય પ્રધાનમંડળમાં વાણિજ્ય પ્રધાન તરીકે રાષ્ટ્રની સેવા બજાવી. અંતે ભારતના વડાપ્રધાનપદે પહોંચી એક સજાગ, શિસ્તપ્રિય, સિદ્ધાંતવાદી અને કુશળ વહીવટકર્તા તરીકેની ઊંચી છાપ ઉપસાવી હતી.

તેમના હસ્તકના મંત્રાલયો એવા તમામ સરકારી કર્મચારીઓને પેન્શન આપવાનું નક્કી કર્યું કે જેમણે સ્વતંત્ર સંગ્રામમાં ભાગ લેવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું. પેન્શન મંજૂરીના હુકમ પર સહી કરવાના એક દિવસ પહેલાં તેમણે પોતાનો દાવો જતો કર્યો હોવાની જાહેરાત કરી જેથી ટીકા ન થાય. ઈ.સ. ૧૯૩૮માં પોતાનો હોદ્દો ત્યાગ કર્યા બાદ તેમણે વ્યક્તિગત અવજ્ઞા આંદોલનમાં ભાગ લીધા બાદ પછીથી હિંદ છોડો આંદોલન અન્વયે ત્રણ વર્ષ અટકાયતમાં રાખવામાં આવ્યા હતાં. તેઓ જ્યારે મહેસૂલ પ્રધાન બન્યા ત્યારે તેમના વહીવટકાળ દરમિયાન જમીન મહેસૂલ, વહીવટ અને પોલીસ તેમજ જેલોની પુનઃરચનામાં લાંબાગાળાના સુધારાઓ દાખલ કરવામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમણે ખેડૂત અને ગણોત બંનેનો વિચાર કરી ઘણાં પ્રગતિશીલ કાયદા ઘડ્યા. મુંબઈ પ્રાન્તની સેવાઓ દરમિયાન તેમની વહીવટી કુશળતા સામર્થ્ય અને પ્રમાણિકતાએ નામના મેળવી હતી.

સત્યપાલનના આગ્રહ વિશેના વિચારો માર્ગદર્શક બને તેવા છે. ''સત્યનો આગ્રહ હતો, પ્રથમથી જ કોઈનો ડર રાખવો ન જોઈએ. એવી માન્યતા '' એટલે જ તેઓ જે સાચું લાગે તે જ કહેતા. જે કોઈ માણસ નબળો અને ખોટો હોય તો જ સત્ય સહન કરતો નથી. આથી તેઓ ખાતરીપૂર્વક કહેતા કે, જો સત્ય મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્તને ધક્કો લાગે તો આપણામાં કંઈક ખામી છે તેવું તેઓ માનતા. તેઓએ તેમની જીવનયાત્રા દરમિયાન જુલાઈ-૧૯૬૨માં ત્રીજી પંચવર્ષીય યોજના સારું વિદેશી સહાય મેળવવા બ્લસેલ્સ, જીનીવા, પેરિસ અને રોમની મુલાકાત લીધી હતી અને ૧૯૬૨ના ઓક્ટોબર દરમિયાન આવા જ કારણોસર વોશિંગ્ટન, ઓટાવા અને જાપાનની મુલાકાતે ગયેલા.

રાજકિય પરિસ્થિતિના અવરોધોના કારણે તેઓએ ઈ.સ. ૧૯૭૯માં વડાપ્રધાનપદેથી રાજીનામું આપી દીધું અને થોડા સમય બાદ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. તેમનામાં સ્વદેશી અને રાષ્ટ્રવાદી શિક્ષણ પ્રત્યે દૃઢ આસ્થા હતી. અમદાવાદ ખાતેની ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે, ગુજરાતની એક ગ્રામ્ય યુનિવર્સિટી લોકભારતી તેમજ સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજીક સંગઠનો સાથે ગાઢ સંપર્કમાં સંકળાયેલા હતા.

એક રાષ્ટ્રીય નેતા તરીકેનો તેમનો મોભો પાંચ દાયકા જેટલા લાંબા ગાળાનો દેશને સમર્પિત સેવાઓના બિરૂદ સ્વરૂપ આપવાનો હતો. માનવ કલ્યાણ માટે તેમની ચિંતા વિશુદ્ધ હતી. તેમની દૃઢતા, સત્ય માટેની પ્રાપ્તિ માટેના સાધનોની શુદ્ધતા પ્રત્યેના તેમના અડગ વલણોએ ક્યારેક ગેરસમજ ઊભી કરી હતી.

પીઢ ગાંધીવાદી નેતા મોરારજી દેસાઈ કાયમ ખાદી પહેરતા, સાત્વિક ખરા પણ કર્મકાંડી નહીં, શાકાહારી, નૈસર્ગિક, ઉપચારના સમર્થક, ક્યારેક ધૂમ્રપાન કે મદ્યપાન ન કરનાર મક્કમ નોબળ ધરાવનાર વ્યક્તિ હતાં. સત્ય અને નીતિમત્તા સાથે સમાધાન કરવું તેમના ચારિત્ર્યની લાક્ષણિકતા વિરુદ્ધ હતું. દેશ પ્રત્યેની તેમની સુદીર્ઘ અને વિલક્ષણ સેવાઓની કદરરૂપે મોરારજીભાઈ દેસાઈને ભારતનું સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી સન્માવામાં આવ્યા હતા. એ જ રીતે પાકિસ્તાને તેના દેશનો સર્વોત્તમ ખિતાબ નિશાન એ પાકિસ્તાન અર્પણ કર્યો હતો.

તેમણે દેશના યુવાનોને હંમેશ કહેલું કે યુવાનોએ ભય વિહોણું અને સત્યનિષ્ઠ જીવન ગાળવું જોઈએ, તેઓએ નમ્ર થવું ઘટે. દેશના મૂલ્યોથી વિપરિત હોય એવું કશું તેમણે સ્વીકારવું જોઈએ નહીં. ઊંચુ લક્ષ્ય રાખી સમર્પણ ભાવ રાખી દેશની સેવા કરવી જોઈએ. આવા રાજર્ષિશ્રી મોરારજીભાઈ દેસાઈ ફેબ્રુઆરી, ૧૯૯૫માં ૧૦૦મા વર્ષમાં પ્રવેશ્યા એવા તેઓ ૧૦મી એપ્રિલ ૧૯૯૫ના રોજ અવસાન પામ્યા. તેમના ઉત્તમ ગુણોએ રાષ્ટ્રીય નેતાઓના સ્મૃતિ મંદિરમાં સદૈવ તેમનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે. આવનારી પેઢીઓ તેઓને એક સાચા ગાંધીવાદી, સ્વાતંત્ર્ય સંગ્રામના મહારથી અને સમર્થ વહીવટકર્તા તરીકે યાદ કરશે.

● સરલા નાયક


**દયાનંદ ટાઈમ્સ**

હવે આપ આપનું લવાજમ સીધું જ દયાનંદ ટાઈમ્સના બેન્કમાં જમા કરાવી શકો છો.

યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા
સેક્ટર - ૨૧, ગાંધીનગર
એકાઉન્ટ નંબર - ૧૪૫૫૦૫૦૦૦૩૪૯૦


॥ ओ३म् ॥



वानप्रस्थ साधक आश्रम के अधिष्ठाता आचार्य ज्ञानेश्वर जी वैदिक धर्म के प्रचारार्थ ११ जुलाई को अमरिका आदि देशों में जाएँगे। वहाँ पर वे प्रवचन, अध्यापन, शंका समाधान करेंगे और साथ ही २-३ जगह पर योग शिविर भी लगाएँगे। यह इनकी २४ वीं विदेश प्रचार यात्रा है।


# શિક્ષણ પ્રણાલિમાં ઈશ્વર અને જીવાત્માનું જ્ઞાન અપેક્ષિત છે

**જો વ્યક્તિમાં સુધાર થાય તો કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં સુધાર થાય. ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમનું અતિમહત્વ છે. જો ગૃહસ્થાશ્રમ ઉત્તમ બને તો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ તેમજ અન્ય ક્ષેત્રો પણ ઉત્તમ બને છે. જો ગૃહસ્થમાં માતા પિતા ઉત્તમ અને ધાર્મિક હોય તો બાળકોનું નિર્માણ થઈ શકે છે.**

ઈશ્વર મનુષ્યોના સારા કાર્યમાં હમેશા સહાયતા કરે છે. વિદ્યાવાન મનુષ્યને ઉત્તમ કહેવાય છે. સત્સંગ કે પ્રવચનમાં વેદવિદ્ વિદ્વાનો દ્વારા અપાતા ઉપદેશને ધ્યાનથી સાંભળવું જોઈએ. શ્રવણ બાદ તે ઉપદેશનું મનન- ચિંતન કરવું જોઈએ. જરુર પડયે મનમાં ઉઠેલ શંકાઓનું સમાધાન મેળવવું જોઈએ અને પછી નિભ્રાન્ત થયેલ જ્ઞાન મુજબ આચરણ કરવું જોઈએ. શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર આ ચાર પ્રકારે વિદ્યા પ્રાપ્ત થાય છે. આ એક ઉત્તમ વૈજ્ઞાનિક ઋષિ પ્રક્રિયા છે.

મનુષ્ય ધન આદિ ઐશ્વર્યથી નહિ, પરંતુ ઉત્તમ આધ્યાત્મિક જ્ઞાનથી મહાન બને છે. માનવનિર્માણની શરુઆત વ્યક્તિથી શરુ થાય છે. જો વ્યક્તિમાં સુધાર થાય તો કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં સુધાર થાય. ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમનું અતિમહત્વ છે. જો ગૃહસ્થાશ્રમ ઉત્તમ બને તો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ તેમજ અન્ય ક્ષેત્રો પણ ઉત્તમ બને છે. જો ગૃહસ્થમાં માતા પિતા ઉત્તમ અને ધાર્મિક હોય તો બાળકોનું નિર્માણ થઈ શકે છે. શાસ્ત્રો પણ કહે છે કે માતા પોતાના બાળકને જન્મથી લઈ ૫ વર્ષ સુધી સારી રીતે પ્રેમપૂર્વક લાલન-પાલન કરી સુસંસ્કારિત કરે. ૫ વર્ષથી લઈ ૧૧ વર્ષ સુધી પિતા બાળકને સદાચારપૂર્વક શિક્ષા આપી ઉત્તમ બનાવે. ૧૧ વર્ષ પછી બાળકને આચાર્ય-ગુરુજનો પાસે મોકલી વિદ્યાવાન બનાવે. જો આ પ્રમાણેનું આચરણ કરવામાં આવે તો બધા જ ક્ષેત્રો - આશ્રમો નિઃશંક ઉત્તમ બનશે. ગૃહસ્થાશ્રમના કર્તવ્યો ધર્મશાસ્ત્રોમાં લખેલ છે જેના આચરણથી મનુષ્યની બુદ્ધિનો વિકાસ, સ્વભાવ પરિવર્તન અને આધ્યાત્મિકતા આવી શકે અને શ્રેષ્ઠ દિવ્ય ગુણો ધારણ કરી સુખી અને આનંદિત થઈ શકે છે.

પ્રત્યેક મનુષ્યે કરવા યોગ્ય કાર્યો કરતા પહેલા પ્રારંભે, મધ્યમાં અને સંપન્ન થયે ઈશ્વરને ધન્યવાદ કરવા જોઈએ. માનવનિર્માણ આધ્યાત્મિકતા વિના સંભવી શકે નહિ. વૈજ્ઞાનિકોમાં અનેક સારા ગુણો હશે, પરંતુ જે આદર્શ અનુકરણીય ગુણો ઋષિ કણાદ, ગૌતમ, પાતંજલ આદિમાં હતા તે હોઈ શકે નહિ, કારણ કે તેઓ ઈશ્વરની સત્તાનો સ્વીકાર કરતાં નથી. આસ્તિકતા અને આધ્યાત્મિકતા સ્વીકાર્યા વિના ઉત્તમ ગુણોનું ગ્રહણ સંભવી શકે નહિ. ઋષિઓના ગ્રંથો, તેઓની દિનચર્યા, આચરણ, ઉપદેશો અને ચિંતન જુઓ તેમાં અનેક પ્રકારની ઉત્તમોત્તમ દિવ્ય વિદ્યાઓ અને અનુભૂત જ્ઞાનનો સુમેળ હોય છે. ધ્યાન દો, વિના ઈશ્વર સહાયતાએ વૃક્ષનું એક પત્તું પણ હાલી શકતું નથી. પ્રત્યેક જડ-ચેતન કાર્યમાં ઈશ્વરની સહાય હોય જ છે.



આર્યસમાજનો પ્રથમ નિયમ દર્શાવી રહ્યો છે કે સર્વ સત્ય વિદ્યાઓનું આદિ મૂળ પરમેશ્વર છે. વેદ ઈશ્વરપ્રદત્ત અપૌરુષેય છે. બધી સત્ વિદ્યાઓનું બીજ વેદ છે. બધા શાસ્ત્રો વેદથી પ્રમાણિત હોવા જોઈએ. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણેય વસ્તુતઃ પદાર્થ છે. આ ત્રણેય પદાર્થ અનાદિ છે. પરંતુ ધ્યાન રહે, આ ત્રણ પદાર્થોનું આદિ મૂળ ઈશ્વર નથી. આદિ મૂળનું મૂળ હોઈ ન શકે. જેનો આરંભ અને અંત ન હોય તેને અનાદિ કહેવાય. અનાદિ પદાર્થ નિત્ય હોય છે. આ પ્રકારનું શુદ્ધ જ્ઞાન ગૃહસ્થાશ્રમમાં બાળકોને આપતા રહો. તેઓમાં ધાર્મિક સંસ્કાર ભરતા જાઓ. તમે દિવ્ય વિચારોનું સંપાદન કરો, ઉંચા સંકલ્પો રાખો, ઉંચી યોજનાઓ બનાવો અને ઉત્તમ દિવ્ય મનુષ્યનું નિર્માણ કરો. માનવ નિર્માણ દરેક આશ્રમનો પાયો છે જેના પર સુખ, શાંતિ અને પ્રસન્નતારુપી ઈમારત ખડી થઈ શકે છે. કૃષ્ણનું જીવન જુઓ, કેટલું દિવ્ય અને પવિત્ર હતું. રુકમણિ સાથે વિવાહ કર્યા પછી શ્રી કૃષ્ણએ રુકમણિને પૂછયું - 'બોલો તમને શું જોઈએ છે ?' રુકમણિએ જવાબ આપ્યો - 'આપ જેવો પુત્ર.' આ માટે બંનેએ ૧૨ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું. અંતે પ્રદ્યુમ્ન જેવા એક વીર શ્રેષ્ઠ પુત્રનું નિર્માણ કર્યું. કહેવાય છે કે જો બંને પિતા-પુત્ર એકસાથે આવતા હોય તો ખુદ રુકમણિ પણ નકકી કરી શકતી નહોતી કે આમાંથી કોણ મારો પુત્ર છે અને કોણ પતિ છે? માનવ નિર્માણ માટે ઉચા ત્યાગ અને તપસ્યાની આવશ્યકતા રહે છે. હનુમાનનું જીવન પણ કેટલું ઉજ્વળ છે ? તેઓ વેદોના ઉત્તમ જ્ઞાતા અને સંસ્કૃતના વિદ્વાન હતા. લાંબી પૂંછડીવાળા, બંદર સમાન મુખ ધરાવતા હનુમાન હતા જ નહીં. આજે લોકોએ તેમના ચરિત્ર અને ચિત્ર બંનેને બગાડી નાંખ્યું છે. તેમના પિતા પવનકુમાર હતા જેમણે ગૃહસ્થાશ્રમમાં રહી ઉત્તમ બ્રહ્મચર્યનું પાલન કરી હનુમાન જેવા વીર સંતાનનું નિર્માણ કર્યું હતું.

આજની શિક્ષા પ્રણાલિ ગલત છે, તે કારણે બધા આશ્રમો દૂષિત છે. ઋષિ પરંપરા મુજબ વૈદિક શિક્ષા પ્રણાલિથી ઉત્તમ સંતાનનું નિર્માણ થઈ શકે છે. ત્રણ અનાદિ પદાર્થ - ઈશ્વર, જીવાત્મા અને પરમાત્મા વિષયક જ્ઞાન શિક્ષા પ્રણાલિમાં હોવું આવશ્યક છે. આજની શિક્ષા પદ્ધતિમાં ઈશ્વર અને જીવાત્માની બાદબાકી થયેલી છે. આજના વૈજ્ઞાનિકોનું પ્રકૃતિ વિષયક જ્ઞાન પણ અધૂરું છે. બ્રહ્માંડ જુઓ, કેટલું વિશાળ છે? કેટલા બધા સૂર્યમંડળો છે? કહેવાય છે કે ૧ આકાશ ગંગામાં ૧૦૦ અરબ સૂર્યો છે. આવી ૧૦ ખરબ આકાશગંગા શોધવામાં આવી છે. બ્રહ્માંડ એટલું બધુ વિરાટ છે કે પ્રકાશના કિરણને તેના એક કિનારેથી બીજા કિનારા સુધી પહોંચતા ૧ લાખ વર્ષ લાગે છે. બ્રહ્માંડને સમજતા જાઓ, તે માટે ખૂબ સંશોધનો કરતા જાઓ, તેનો કોઈ અંત નથી. ભાવ એ જ છે કે આજની શિક્ષા પ્રણાલિમાં કેવળ પ્રકૃતિ જ્ઞાન નહીં, ઈશ્વર અને જીવાત્માનું પણ જ્ઞાન અપેક્ષિત છે. ત્રણ પ્રકારની વિદ્યાથી માનવનિર્માણ થઈ શકે છે. શુદ્ધ જ્ઞાન વેદાદિ શાસ્ત્રોમાં છે. પદાર્થમાં રહેલા ગુણોની યથાર્થ જાણકારી શુદ્ધ જ્ઞાન છે. શુદ્ધ જ્ઞાન પછી શુદ્ધ કર્મ અને પછી શુદ્ધ ઉપાસના પદ્ધતિ અપનાવવી જોઈએ. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ કર્મ અને શુદ્ધ ઉપાસનાથી ઉત્તમ માનવ નિર્માણ સંભવી શકે છે. આજે જરુર છે સંગઠિત થઈ જવાની અને આજની શિક્ષા પદ્ધતિમાં સુધાર કરવાની. ઉત્તમ શિક્ષા પદ્ધતિનું અનુસરણ કરવામાં આવશે તો વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સ્તરે ઉત્તમતા આવશે.

આજની શિક્ષા પદ્ધતિમાં ધર્મને સ્થાન નથી, જે અતિઆવશ્યક છે. જેનાથી વ્યક્તિ ધાર્મિક બને તે ધર્મ છે. સત્યાચરણ ધર્મ છે. અહિંસાનું પાલન ધર્મ છે. ઈશ્વરે નિર્દિષ્ટ કરેલ ઉપદેશ ધર્મ છે. વેદમાં સત્યોપદેશ છે - પ્રત્યેક મનુષ્ય પ્રાણીમાત્ર સાથે મિત્રવત્ વ્યવહાર કરે. ધર્માચરણથી બાળક ઉત્તમ બને છે. બાળકોને ગૃહમા ભાષા, વ્યવહાર, શિષ્ટતા, ઉપાસના પદ્ધતિ વગેરેની સમજ આપો. તેઓના વિકાસ માટે માતા-પિતા સમય આપે. જરુર પડયે તેઓના સુધાર માટે દંડ કે શિક્ષા કરવામાં આવે, ધમકાવવામાં આવે. ઘણા દોષોનું નિવારણ દંડથી થતું હોય છે. આજના કાળમાં બાળકોને દંડ આપવો ગુનો માનવામાં આવે છે જે બિલકુલ ખોટું છે. બાળકોમાં આસ્તિકતા ભરો. ધર્મ વિષયક, ઈશ્વર વિષયક જ્ઞાન આપો. ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના કોઈ પણ ધાર્મિક બની શકે નહીં. નિત્યપ્રતિ ઈશ્વરની ઉપાસના કરો. ઉપાસના કાળમાં મનને ગમે ત્યાં જવા ન દો. મનને અધિકારપૂર્વક ચલાવી શકાય છે. ધ્યાન માટે એ વાત નિશ્ચતપણે મસ્તિષ્કમાં બેસાડી દેવી જોઈએ કે મન આપોઆપ કશે જઈ શકતું નથી. શું ગાડી આપોઆપ ચાલે છે? શું પંખો આપોઆપ ફરે છે? ના, તેને ચલાવનાર કોઈ ચેતન તત્વ છે. મન તો જડ છે. તે આપોઆપ કશે જઈ ન શકે. તેને ચલાવનાર આપણે પોતે છે. આપણે ઈચ્છીએ તો જ જાય, અન્ય જગ્યાએ જઈ જ ન શકે. દૃઢતાપૂર્વક સાવધાનીથી મનને જેમ ચલાવીએ તે પ્રમાણે જ ચાલે, કારણ કે તે જડ છે. ચેતન પ્રતીત થતું મન વાસ્તવમાં ચેતન છે જ નહિ અને તેમાં કદી ચેતનતા આવી શકે નહિ. બાળકોમાં આસ્તિકતા ભરતા રહો. તેઓને ધાર્મિક અને શ્રેષ્ઠ બનાવો. તેઓના સુધાર માટે પોતાનું આચરણ અને જ્ઞાન ઠીક કરી લો.

સુસંતાન જ સાચો દેશભક્ત, સાચો પિતૃભક્ત અને સાચો ઈશ્વરભક્ત બની શકે. તન, મન અને ધનથી એ જ સમર્પિત થઈ શકે જે ઈશ્વરોપાસના કરતો હોય. ઉત્તમ બનો અને ઉત્તમ સંતાનોનું નિર્માણ કરો. બધા એક થઈ જાઓ, સંગઠિત થઈ જાઓ. બહારના આક્રમણને રોકો, દુરાચારીઓને મારી ભગાવો. સાચા અર્થમાં ઈશ્વર ઉપાસક બનો.ઈશ્વર ઉપાસનાથી જીવન પલટાઈ જાય છે. ઈશ્વરના સ્મરણ વિના બધું જ નિરર્થક છે. તેનું સ્મરણ કરી સર્વકોઈ કૃતકૃત્ય થઈ જાય છે.

**(સ્વામી સત્યપતિજીના વ્યાખ્યાનમાંથી)**

### સમુત્કર્ષ સંસ્થાન, પ્રહલાદનગર, અમદાવાદ ખાતે સ્વામી વિવેકનંદજીનો

# દુબઈ વેદપ્રચાર યાત્રાના અનુભવ તથા કર્મફળ અને શંકા સમાધાનનો કાર્યક્રમ સંપન્ન

**અમદાવાદ**

સમુત્કર્ષ સંસ્થાન્, પ્રહલાદનગર, અમદાવાદના હોલમાં ગત તા. ૧૦મી એપ્રિલના રોજ સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમ્યાન સ્વામી વિવેકાનંદજીની દુબઈ યાત્રાના અનુભવ તથા કર્મફળ સિદ્ધાંત રસપ્રદ શંકાઓ વિશે જણાવતાં તેમણે કહ્યું હતું કે, શું આપણા દ્વારા કરવામાં આવેલા કર્મોનું ફળ આપણને આ જ જન્મમાં મળશે કે કેમ? સ્વામીજીએ તેની શંકાનું સમાધાન કરતાં જણાવ્યું હતું કે, અમુક કર્મોનું ફળ આપણને આ જન્મમાં મળે છે, શું આપણું શરીર આપણે બનાવી શકીએ છીએ, શું કોઈ વૈજ્ઞાનિક આ શરીરની રચના કરી શકે ? પંચ મહાભૂતોથી બનેલા આ શરીરનાં પંચ મહાભૂતોમાં બુદ્ધિ, અક્કલ નામની વસ્તુ છે ? જો આપણે શરીર ન બનાવી શકીએ અને પંચ મહાભુત સ્વયં જો ગાડીનો ફોટો ખેંચી લે છે અને સીમ કાર્ડને રીડ કરી લે છે અને ટોલ ટેક્ષના પૈસા તેમાંથી ઓટોમેટિક કપાઈ જાય છે.

આ ઉપરાંત સ્વામીજીએ ત્યાંના બાગ-બગીચા તથા વિશ્વની અજાયબી સમાજ બુર્ઝ ખલિફાની પણ મુલાકાત લીધી



અને શંકા સમાધાનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં સમુત્કર્ષ સંસ્થાન્ ના સંસ્થાપક અને ઔડાના ચેરમેન તથા ભારતીય જનતા પાર્ટીના સાંસદ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તથા ટ્રસ્ટી શ્રી હરેશભાઈએ સ્વામી વિવેકાનંદજીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી ચિંતનભાઈ રામી તથા સુશ્રી જસવિદ્યાબેન આર્યએ પણ સ્વામીજીનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન કર્યું હતું.

સ્વામીજીએ પોતાના ૧૭ માર્ચથી ૨૭ માર્ચના દુબઈ ખાતેના વેદપ્રચારના અનુભવો જણાવતાં કહ્યું હતું કે, દુબઈ ખાતે તેમના અનેકવિધ પારિવારીક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

શંકા સમાધાનના કાર્યક્રમોમાં પૂછવામાં આવેલ અમુક કર્મોનું ફળ આગલા જન્મમાં મળશે. જેમ જેમ કરેલા કર્મોનો નંબર આવતો જાય તેમ તેમ તેનું ફળ આપણને ઈશ્વર દ્વારા આપવામાં આવે છે. કર્મ ચાર પ્રકારના હોય છે. એક નિષ્કામ કર્મ અને ત્રણ સકામ કર્મ કહેવાય છે. નિષ્કામ કર્મ એટલે કે જે સારા કર્મો ઈશ્વર પ્રાપ્તિ માટે કરવામાં આવે. જે કર્મો સાંસારિક સુખ-શાંતિ માટે, ધન સંપત્તિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે તેને સકામ કર્મ કહેવાય છે. તે ત્રણ પ્રકાના છે. શુભ કર્મ, અશુભ કર્મ અને મિશ્રિત કર્મ.

ઈશ્વરના સંબંધમાં થયેલી ચર્ચા સંબંધે સ્વામીજીને પૂછવામાં આવ્યું કે શું ઈશ્વર છે ? આનું સમાધાન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે, હા ઈશ્વર છે. તેનાં સમાધાન તેમણે જણાવ્યું હતું કે, બનાવી શકતી હોય તો કોણ બચ્યું આ બનાવનાર ? ઈશ્વર.

દુબઈના વિવિધ સ્થળોએ તેમણે લીધેલી મુલાકાત અને થયેલા અનુભવોને વર્ણવતા સ્વામીજીએ જણાવ્યું હતું કે દુબઈ ખાતે રોડ ખુબ જ સુંદર છે. છ લાઈનના રોડ છે. તમામ વાહનો નિયમોના પાલનથી ચાલે છે. ટોલ ટેક્ષ સંબંધે ત્યાં ખુબ જ સુંદર વ્યવસ્થા છે. આપણે ત્યાં તો ટોલ ટેક્ષ આપવા માટે આપણે લાઈનમાં ઉભુ રહેવું પડે છે અને કેટલીક વાર તો લાંબી લાઈનો લાગવાને કારણે આપણો ખૂબ જ સમય બગડે છે. આની સામે દુબઈમાં ગાડીઓના કાચ ઉપર એક સીમ કાર્ડ લાગેલું હોય છે. અને તે પ્રિપેઈડ હોય છે. જેવી ગાડી ટોલ ટેક્ષ પાસેથી પસાર થાય ત્યારે ત્યાં લાગેલ કેમેરો હતી.

અમદાવાદ ખાતે યોજાયેલા આ સમારંભમાં સ્વામીજીએ કર્મફળ વિશે સમજાવતાં જણાવ્યું હતું કે, કર્મ કરવા માટે દરેક વ્યક્તિ સ્વતંત્ર છે પરંતુ ફળ ભોગવવા માટે તે પરતંત્ર છે. તેમણે તમામ દુ:ખોથી છુટવા માટે મોક્ષની પ્રાપ્તિ થાય તેવા પ્રકારના નિષ્કામ કર્મો કરવા અનુરોધ કર્યો હતો. અંતમાં સ્વામી વિવેકાનંદજીએ ઉપસ્થિત લોકોની અનેકવિધ શંકાઓનું તાર્કિક સમાધાન કર્યું હતું.

સમુત્કર્ષ સંસ્થાન્ ના વિશાળ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદ તથા તેની આસપાસના વિસ્તારના લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ સ્વામી વિવેકાંનદજીની વાણીનો લાભ લીધો હતો.

# આર્યસમાજ, આણંદ ખાતે કાયમી ધોરણે નિ:શુલ્ક યોગ કેન્દ્રનો પ્રારંભ

**આણંદ**




આણંદ શહેરની મધ્યમાં આવેલી ચરોતર પ્રદેશ આર્યસાજની સંસ્થા છેલ્લા ૯૦ વર્ષથી અવિરત લોકોપયોગી નિ:સ્વાર્થ સેવાકાર્ય કરી રહી છે. આજના આધુનિક યુગમાં આબાલ-વૃદ્ધ સૌ કોઈ નાના પ્રકારની બિમારીઓથી પીડાઈ રહ્યા છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' ઉક્તિ મુજબ મનુષ્ય માત્ર દવા-સમય નાણાંના વ્યય વિના રોગરહિત બની સ્વસ્થ પ્રસંગ અને આનંદમય જીવન જીવે તેવા ઉમદા હેતુથી તા. ૧લી એપ્રિલના રોજ શુક્રવારથી આર્યસમાજ, હોલ ખાતે દરરોજ સવારે ૬ : ૦૦ થી ૭ ઙ ૩૦ દરમ્યાન નિ:શુલ્ક યોગ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૩૬૫ દિવસ ચાલનારા આ યોગકેન્દ્રનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, અતિથિ વિશેષ ડૉ. બી. એમ. પટેલ, વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્ય સહિત ઉપસ્થિત શિબિરાર્થી ભાઈ-બહેનોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે આણંદના જાણીતા હાડવૈદ યોગાચાર્ય શ્રી સુરેશભાઈ ભટ્ટના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું.

આ યોગ કેન્દ્રનું સંચાલન યોગાચાર્ય શ્રી સુરેશચંદ્ર ભટ્ટ તથા શ્રી વિજયકુમાર પી.ઠક્કર દ્વારા કરવામાં આવશે. રોગી-નિરોગી તમામ યોગપ્રેમી ભાઈ-બહેનો, બાળકો તથાવડીલોને આ નિ:શુલ્ક યોગકેન્દ્રનો અમૂલ્ય લાભ લઈ ધર્મ-અર્થ-કામ-મોક્ષ પ્રાપ્ત કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.



ગત તા. ૩જી એપ્રિલના રોજ સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીની થાણા, મુંબઈ ખાતે વેદકથા યોજાઈ હતી. આ વેદકથામાં ૩૫૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો. સતત ૩ કલાક સુધી સ્વામીજીએ પ્રવચન અને શંકા સમાધાન કર્યું હતું તે કાર્યક્રમની તસવીર

# આર્યસમાજ, આણંદ દ્વારા યોજાયેલી નિ:શુલ્ક યોગશિબિરનો સમાપન સમારોહ યોજાયો

**આણંદ**

મનુષ્ય માત્રના સ્વાસ્થ્યની રક્ષા માટે તેમજ નાના પ્રકારની બીમારીઓથી બચાવ માટે યોગ એ સર્વોત્તમ પ્રક્રિયા છે. આપણા ઋષિમુનીઓ કરોડો વર્ષથી અષ્ટાંગ યોગ દ્વારા ધર્મ-અર્થ-કામ અને મોક્ષની પ્રાપ્તિ કરી રહ્યા છે. યોગ એ આપણી પ્રાચીન અમૂલ્ય ધરોહર છે.

જાહેર જનતાને શારીરિક સ્વાસ્થ્ય મળે, માનસીક શાંતિ મળે અને આત્મિક આનંદની અનુભૂતિ થાય તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા ગત તા. ૧૩મી માર્થથી ૨૭મી માર્ચ દરમ્યાન ૧૫ દિવસીય નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનો સમાપન સમારોહ તા. ૨૭મી એપ્રિલના રોજ સવારે ૭ :૦૦ કલાકે યોજાયો હતો.




સમાપન પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ શિબિર સંચાલક યોગાચાર્ય સુરેશચંદ્ર ભટ્ટ તથા અતિથિ વિશેષ ડૉ. બી.એમ. પટેલનો શાબ્દિક આભાર માની વૈદિક પુસ્તકોનો સેટ ભેટ આપી સ્વાગત કરી સન્માન્યા હતા તેમજ શિબિરમાં ભાગ લેનાર તમામ શિબિરાર્થીઓનો હાર્દિક આભાર માન્યો હતો.

આ પ્રસંગે ડૉ. બાબુભાઈ એમ પટેલે અતિથિ વિશેષ તરીકે હાજર રહીને લોકોની સુખાકારી માટે શુભેચ્છા પાઠવી હતી. પ્રમુખશ્રીએ કાયમી ધોરણે સંસ્થાના હોલમાં નિ:શુલ્ક યોગ કેન્દ્ર આગમી તા. ૧-૪-૨૦૧૬થી શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ શિબિરનો આણંદની યોગપ્રેમી રોગી-નિરોગી જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ સફળતાપૂર્વક કર્યું હતું.

# બહુધા વ્યક્તિ અવસર મળતાં વેંત જૂઠું બોલે છે આજકાલ તો અવસરવાદ ઘર-ઘરમાં પ્રવેશી ગયો છે

ભૂમિકા - આપણા સિવાય બીજા કોઈ પર આપણું નિયંત્રણ હોતું નથી. એટલા માટે...

(૨૩) આપણે કોઈને આપણી મરજી મુજબ ચલાવવા માટે વિવશ કરી શકતાં નથી.

પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિના વિષયમાં વિચાર કરવા સ્વતંત્ર છે અને તે વિચારશે જ. આપણે તેને રીમોટથી કંટ્રોલ ન કરી શકીએ. કોઈ વ્યક્તિના આવા વિચારને માટે આપણે મના નહીં કરી શકીએ કે તે આવું ન વિચારે કે - હું ગભરાઈ ગયો, ઘરવાળા સાથે નથી બનતું, તેથી આશ્રમમાં રહેવા આવી ગયો. તે તો વિચારશે જ. વિચારવા માટે તે સ્વતંત્ર છે. જો તેણે આવું વિચારી લીધું તો કોઈ વાંધો નહિં, પરંતુ આમ વિચાર કરી-કરીને આપણે પરેશાન ન થઈએ કે તેણે આવું કેમ વિચારી લીધું, હું તો આવો નથી, હું મારી પ્રતિષ્ઠા માટે તો ઘરથી નથી નીકળ્યો, હું તો વિદ્યાને માટે નીકળ્યો છું, મારી ભીખ માંગવાની ઈચ્છા છે જ નહીં, હું તો પુરુષાર્થ કરતો રહ્યો છું. અને અહીં પણ કરું છું, છતાં તેણે આવું કેમ કહ્યું ?

**સમસ્યા - સમાધાન**



**આચાર્ય્ જ્ઞાનેશ્વરજી દ્વારા**

સમસ્યા-સમાધાન વિષયક ઉપદેશકોનો સંગ્રહ

સંપાદક તથા ભૂમિકા લેખક ડૉ. રાધાવલ્લભ ચૌધરી

૧૭

અનુવાદિકા

આર્યા વાનપ્રસ્થા જયાબેન પોરિયા (યુ.કે.)

આ પ્રકારે અન્ય વ્યક્તિના વિચાર ઉપરથી, તેના બોલવાથી, કરવાથી આપણે મનમાં આ ભવાના બનાવી લઈએ છીએ કે તેણે આમ શા માટે કર્યું ? કમ સે કમ આ વ્યક્તિએ મારી સાથે તો આમ કરવું જોઈતું ન હતું. આ તો મારો ધનિષ્ટ મિત્ર હતો. આ તો મને જાણતો હતો., ઓળખતો હતો, તેણે કમ સે કમ એટલા ખરાબ વિચાર તો મારા પ્રતિ ન કરવા જોઈએ. માત્ર ઉદાહરણ આપું છું. લોકો આપણી સાથે જૂઠ બોલશે, આપણી સાથે પોતાનું વચન ભંગ કરશે. બહુધા વ્યક્તિ અવસર મળતાં વેંત જૂઠું બોલે છે. આજકાલ તો અવસરવાદ ઘર-ઘરમાં પ્રવેશ કરી ગયો છે. વ્યક્તિ લગભગ અવસરવાદી છે, પતિત છે, સ્વાર્થી છે. બીજો માણસ આપણા વિષયમાં અપશબ્દ બોલશે, નિંદા કરશે, ચાડી ખાશે, સંશય કરશે, કંઈ પણ કરશે. આને માટે તે સ્વતંત્ર છે.

આનું સમાધાન એ છે કે તે વ્યક્તિને આમ સ્વીકાર કરી લેવો જોઈએ કે મારા વિષયમાં કોઈ પણ વ્યક્તિ ગમે ત્યારે ગમે તેવો વિચાર કરી શકે છે. આ રીતે વ્યક્તિ વિચાર કરતી થઈ જાય તો તેનું સમાધાન નીકળી જાય છે. પછી સમસ્યા જ રહેતી નથી. મોટે ભાગે સમસ્યાઓનું સમાધાન થઈ જાય છે. આનાથી વિપરીત જો આ વિચાર મનમાં આવે કે તેણે મારા વિષયમાં આવું શા માટે કહી દીધું ? તેણે આવું કરવું જોઈતું ન હતું. બસ, આ વિચારને લઈને તે વ્યક્તિની ઉંઘ હરામ થઈ જાય છે. ભૂખ લાગતી નથી. અધ્યયન થતું નથી, સ્વાધ્યાય થતો નથી, તે માણસ કામ કરતો નથી, બસ વિચારતો રહે છે. કે - તેણે આવું કેમ કીધું, આવો વિચાર કર્યો, તેણે આમ શા માટે કર્યું ? તે તો બુદ્ધિશાળી છે, મારો ઘનિષ્ટ મિત્ર છે, મારા પરિવારની વ્યક્તિ છે. આવી વ્યક્તિ મારા વિષયમાં આવો વિચાર કરે તો સામન્ય વ્યક્તિ ખબર નહિ કેવા વિચાર કરશે ? આમાં બહુ જ અનર્થ થશે, બદનામી થશે, તેને રોકવો જોઈએ, તેનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ, તેને બોલાવવો જોઈએ, પત્ર લખવો જોઈએ ઈત્યાદી.

આ ચિંતન કરવાનો અલગ ઢંગ છે. અમારા વિષયમાં લોકોએ ઘણાં જૂઠા પત્રો લખ્યા છે. ન ફક્ત ગુજરાતમાંથી પરંતુ કેટલીયે જગ્યાએથી પત્ર મોકવામાં આવ્યા અમે તે પત્રો પર ન વિચાર કર્યો, ન તેના પર કોઈને ફરિયાદ કરી, કે અમારા વિષયમાં જૂઠા પત્રો લખવામાં આવી રહ્યા છે. અમે કંઈ જ ન કર્યું. કોઈ મળી જાય તો કહી દેતા કે આપને પત્રની વાત ઠીક લાગી હોય તો મની લો, નહિં તો પછી ફાડીને ફેંકી દો. અમે કહેતા કે અમને જોલો, અહીં આવીને જુઓ, કે અમારું જીવન કેવું છે. જો વ્યક્તિ આવા પ્રકારના પત્રોને વાંચીને આ પ્રકારનું સમાધાન નહીં કાઢી શકે તો મરી જશે અથવા પાગલ થઈ જશે. ....

માલિક મુદ્રક પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જી.આઈ.ડી.સી., સેક્ટર નં. ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર -૨૧, જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C., Sector No. 28, Gandhinagar PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.